**૧૨ માં અધિક ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ, અમદાવાદ સીટી, કોર્ટ નં.૫.**

**ક્રિમીનલ કેસ નં.** ૧૨૬૭૭૧૨/૨૨

આંક ૧ લગત

આંક—

**ફરીયાદી:–** ધી સ્ટેટ ઓફ ગુજરાત. **વિરુધ્ધ**

**આરોપી:–** ઉમેશભાઈ ભરતભાઈ રાઠોડ

Address - ..........

**એપીપી શ્રી પંચાલ** **આરોપી તર્ફે વિવ શ્રી** ..........

**ગુન્હો : કલમ** I.P.C. - 279 M.V. ACT 177, 184

## ઠરાવ

૧). આ કામની ફરીયાદ હકીકત આરોપીને વાંચી સંભળાવી અને સમજાવવામાં આવેલી છે તેના જવાબમાં આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ કરેલ છે. આરોપીએ સ્વખુશીથી ગુન્હાની કબુલાત કરેલ છે જે નહી માનવાને કોઈ કારણ નથી. આરોપીઓની મુદામાલ ક્લેઈમ કરતા નથી તે પુરસીસ તથા ફરીયાદીનો રીપોર્ટ કે આરોપીઓ સામે અન્ય કોઈ ગુનો બહાર આવેલ નથી તે ધ્યાને લીધો.

૨). આરોપીએ સ્વેચ્છાથી ગુન્હાની કબુલાત કરેલ છે અને કબુલાત પુરસીસ/પ્લી રજુ કરેલ છે જે ખુબ ગરીબ છે. તથા એક માત્ર કમાનાર હોઈ દંડ ભરવા મુદત આપવા સારૂ તથા ઓછી સજા કરવા દયાની માંગણી કરેલ છે અને જણાવેલ છે કે પ્રથમ ગુન્હો છે અને કુટુંબનો ભરણપોષણનો આધાર આરોપી પર છે. આ કામના ગુન્હાનું સ્વરૂપ લક્ષમાં લઈ તથા આરોપી સ્વેચ્છાએ ગુન્હો કબુલ કરતો હોઈ નીચે મુજબનો હુકમ કરુ છું.

૩). કેસની હકીકત, આરોપીના આર્થિક સંજોગો, તેની સ્વૈચ્છીક કબુલાત ધ્યાને લેતાં તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટે **ગુજરાત રાજય વિ. નટવર હરચંદજીના કેસમાં (જી.એલ.આર.૨૦૦૫(૧) પાના નં. ૭૦૯)** આપેલ સમજુતિ મુજબ, આરોપીને કાયદામાં જણાવેલ સજા કરતાં ઓછી સજા કરવામાં આવે તો ન્યાયનો વિશાળ હેતુ સચવાય તેમ જણાય છે અને તે સંજોગોમાં ઓછી સજા કરવાના પુરતા કારણો જણાતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે :–

## હુકમ

આરોપીને ક્રીમીનલ પ્રો.કોડની કલમ ૨૫૨ મુજબ **ગુનો કલમ** IPC 279, MV ACT 177, 184 ના ગુનામાં ગુન્હેગાર ઠરાવી દરેક આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા દરેક આરોપીને **રૂા.** 500/- **પુરા અંકે રૂપીયા** પાંચસો **પુરા** નો દંડ ફરમાવવામાં આવે છે. જો આરોપીઓ દંડ ન ભરે તો દીન–૨ ની સાદી કેદની સજા ફરમાવુ છું. કુલ દંડ 500/-

**પી. પી. પટેલ**
૧૨ માં અધિક ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ, અમદાવાદ સીટી, કોર્ટ નં.૫.
જીજે૦૦૯૪૨

**કોર્ટ નં: ૫– મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ અમદાવાદ**

તા. 20/…/22

ઠરાવ બાદ આરોપી ખુબ ગરીબ હોઈ તે ટીઆરસી માટે તૈયાર છે. પણ દંડ ભરવા મુદત માંગેલ છે. તેથી દંડ ભરવા મુદત .…./…../……. સુધી સમય આપેલ છે. તે દીવસે દંડ જમા લેવો. તથા કેસ નો નિકાલ કરવો. દંડ કલમ ૨૦૬ સીઆરપીસી મુજબ એડવોકેટ કે ઈષ્ટ મીત્ર ધ્વારા લઈ શકાશે.

પી.પી. પટેલ મેટ્રો મેજી.

વધુ હુકમ:
**આજ સ્પેશીયલ સીટીંગ માં દંડની રકમ ચુકતે થયેલ હોઈ આ કેસ નો નિકાલ ગણવો.**
આજરોજ લોક અદાલતમાં વાંચી સંભળાવીને જાહેર કર્યો.

તા: 14/9/24
અમદાવાદ

પી.પી. પટેલ
૧૨ માં અધિક ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ સીટી, કોર્ટ નં.૫
સ્પે. સીટીંગ મેજીસ્ટ્રેટ, જીજે૦૦૯૪૨

M.C. 103
500/-
paid
14-9-24